सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ | ૦૯ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ | ૧૩ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૪ |

**<u>મે. ચોથા એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની અદાલતમાં</u>**

**<u>ગાંધીધામ–કચ્છ.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૭૩/૨૦૨૬**

**આંક :**

અરજદાર : – **સાહિલ દિનેશભાઈ શર્મા**

ઉ.વ.૨૬, ધંધો: રીયલ એસ્ટેટનો,

રહે. પ્લોટ નં.૧૬૧, વોર્ડ–૩/એ,

આદીપુર, તા.ગાંધીધામ–કચ્છ.

(હાલે.જયુડી.કસ્ટડીમાં)

**વિરૂધ્ધ**

સામાવાળા : – **શ્રી સરકાર**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી સી.જે.ધારક**

**સામાવાળા– સરકાર તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી**

**બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**–: ઠ રા વ :–**

(૧) અરજી તથા સાથે રજૂ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા. અરજદારના વિ.વ.શ્રી સી.જે.ધારકની દલીલો સાંભળી તથા સામાવાળા /સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવીની દલીલો સાંભળી તથા ત.ક.અ.શ્રીનું એફડેવીટ તેમજ પોલીસ પેપર્સને લક્ષમાં લીધેલ.

(૨) અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર/આરોપી ગાંધીધામ સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯ ૩૦૧૬૨૬૦૦૦૨/૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૬ (૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૪૦(૨), ૨૩૮, ૬૧(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબના ગુના સબબ જયુડિશિયલ કસ્ટડીમાં હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી સી.જે.ધારક નાઓએ દલીલ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી વિરુધ્ધ ગાંધીધામ સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૧૬૨૬૦૦૦૨/૨૦૨૬ ના કામે બી.એન. એસ.ની કલમ–૩૧૬ (૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૪૦(૨), ૨૩૮, ૬૧(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી),૬૬(ડી)

મુજબના ગુનાનો આક્ષેપ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, હાલની ફરીયાદમાં કોઈના પણ સાથે ચીટીંગ થયેલ હોય અને રૂપીયા લઈ લીધા હોય તેવું નથી. સદર કામે પોલીસે ફરીયાદ દાખલ કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, હાલના અરજદારને તા.૨૭–૨–૨૬ ના રોજ અટક કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, નામ.કોર્ટે ૧૦ દીવસના રીમાન્ડ આપેલ, રીમાન્ડ સમય પુરો થતા જામીન અરજી કરતા નામંજુર થયેલ જેથી હાલની અરજી કરેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદાર આદીપુરમાં જમીન–મકાન લે–વેચ તથા બ્રોકરનું કામ કરે છે. અરજદારનું માત્રને માત્ર ઓફીસ ભાડે અપાવવાનું કામ હતું. આરોપી નં.૧ નાઓને ઓફીસ માલીક પાસેથી ભાડે રખાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, ઓફીસમાં શું ધંધો કરે છે તેનાથી બ્રોકરને શું? વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, રૂપીયા ૧૮૨ કરોડમાંથી હાલના આરોપીને શું મળ્યું તે ખબર નથી, કોના રૂપીયા ગયા તેની કંઈ જ ખબર નથી. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારને બીજું કાઈ લેવા દેવા નથી. અરજદાર વિરુધ્ધ ખોટી રીતે કેસ કરેલ છે. જેથી સદર તમામ હકીકતો ધ્યાને લઈ અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા માટે અરજ કરેલ છે.

(૪) સામાવાળા/સરકારશ્રી તર્ફે વિ.એ.પી.પી.સુશ્રી એચ.પી.ગઢવી નાઓએ દલીલ કરતા જણાવેલ છે કે, હાલના અરજદારનો ગુનાના કામે રોલ એવો છે કે, જે મકાન ભાડે આપેલ તે મકાન માલીકને ખબર જ નથી કે ઓફીસ ભાડે રાખી છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, કાગળ ઉપર પેઢીનામા તથા ભાડા કરારો થયેલ છે. પેઢીનામામાં

૨૦–૨૧ વર્ષના છોકરાના ફોટા છે. આવા પેઢીનામા ઉભા કર્યા છે, ભાડા રાખવાના વિષય ઉભા કરી ખોટા પેઢી નામ બતાવેલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, મુખ્ય આરોપી યશ સાથે હાલના આરોપીની પણ કોલ ડીટેલ્સ અને ચેટ રેકર્ડ ઉપર છે. હાલના આરોપીનો મદદગારીનો રોલ છે. વધુમાં દલીલ કરતા જણાવેલ છે કે, સદર કામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપી વિરુધ્ધ ગંભીર ગુનાનો આક્ષેપ હોય જામીન અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૫) પક્ષકારો તર્ફેના વિધ્વાન વકીલશ્રીઓની રજૂઆતો ધ્યાને લીધી, અરજદારોની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, ફરીયાદીની ફરીયાદ તથા તપાસ કરનાર અમલદારશ્રીનું એફીડેવીટ વંચાણે લીધા. અરજદાર/આરોપી વિરુધ્ધ ગાંધીધામ સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯ ૩૦૧૬૨૬૦૦૦૨/૨૦૨૬ ના કામે બી.એન. એસ.ની કલમ–૩૧૬ (૨), ૩૧૬(૫), ૩૧૮(૪), ૩૪૦(૨), ૨૩૮, ૬૧(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ આ કામના આરોપીઓએ એકસંપ થઈ પોતાનો સમાન ઈરાદો બર લાવવા સારુ ગુનાહિત કાવતરુ રચી, કાવતરાના ભાગરૂપે આરોપીઓએ સાથે મળી સેવીંગ તથા કરંટ એકાઉન્ટો અન્ય વિદેશમાં કે ઓનલાઈન સાયબર ફ્રોડ કરતા લોકો સુધી પહોંચાડવાનું નેટવર્ક ચલાવવા પુર્વ આયોજીત ગુનાહિત કાવતરુ રચી, આર્થિક રીતે સધ્ધર થવા સારુ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે અલગ–અલગ ગામોમાંથી ગરીબ તથા જરૂરતમંદ અને ઓછું ભણેલા લોકોને વિશ્વાસમાં લઈ લોભ લાલચ આપી, તેમના

નામે ગાંધીધામ તથા આદીપુર ખાતે દુકાનો ભાડે રાખી તે દુકાનોમાં એકાઉન્ટ ધારકોની જાણ બહાર તેમને પ્રોપરાઈટર બનાવી તેમના નામે પેઢીઓ ઉભી કરવા આરોપી અલ્પેશ લુહારે ઉધ્યમ રજીસ્ટ્રેશન કરાવી, આરોપી યશ ભાટીયાના કહેવાથી આ પેઢીઓના નામે ખોટા ઈનવોઈસ બીલો બનાવી, આરોપી યશ ભાટીયાને મોકલી આપી, આરોપી યશ ભાટીયાએ બેંક એકાઉન્ટની કિટો તથા નવા મોબાઈલ સીમકાર્ડ મેળવી પોતાની પાસે રાખી, પેઢીના નામે બેંક એકાઉન્ટો ખોલાવી પોતે અન્ય આરોપી વિજયસિંહ રાણાને એકાઉન્ટોની લેતીદેતીની માહીતી તથા તમામ કિટો મોકલી આપી, એક કિટના રૂા.૭૫,૦૦૦/– કમીશન મેળવી એકબીજાન સાથે મળી, આરોપી યુવરાજસિંહ ઉર્ફે ઈલુભા તથા વિશ્વરાજસિંહ ઉર્ફે વિશુભા જાડેજા વાળાઓ મારફતે રાપર તથા ભુજ ખાતેથી તથા હાર્દિક ઉર્ફે લાલા રાજગોર મારફતે આડેસર તથા આરોપી સિધ્ધાર્થ સોની મારફતે વાંકાનેર તથા મોરબી ખાતેથી સેવીંગ તથા કરંટ બેંક એકાઉન્ટો ખોલાવવા માટે ખાતા ધારકોને વિશ્વાસમાં લઈ, આરોપી સાહિલ શર્માએ દુકાનો ભાડે રખાવી તેમા અમુકના સેલ એગ્રીમેન્ટ કરાવી, અુમકના સેલ એગ્રીમેન્ટ ન કરાવી, તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી એજન્ટ તરીકેની કમિશનો મેળવી તમામ બેંક એકાઉન્ટો ફ્રોડ કરનાર લોકો જે ઈન્ટરનેટના માધ્યમથી ભારત ભરમાં ઠગાઈ કરી સાયબર ક્રાઈમના ગુના આચરે છે તથા ગેરકાયદેસર રીતે નાણાંકીય હેરાફેરી કરતા તેમના સાગરીતોને પુરા પાડી, તેઓની પાસેથી દરેક બેંક એકાઉન્ટ દીઠ જુદી–જુદી રકમનું કમિશન રાખી, એક જગ્યાથી બીજી જગ્યાએ પૈસા મોકલવા માટે બ્રોકર કે કમિશન એજન્ટ તરીકે કામ કરી,

કમિશનો મેળવી એકબીજાની મદદગારી કરી, હાલ સુધીમાં મળેલ કુલ–૮૧ બેંક એકાઉન્ટોમાં રૂા.૧૮૨,૩૭,૬૮,૮૬૨/– જમા કરાવડાવી, તે પૈસામાંથી રૂા.૫,૦૦,૫૩૨/– ચેક મારફતે આરોપી નં.૧ વાળાએ ઉપડાવી, ફ્રોડની રકમ છે તેમ જાણવા છતા પોતાની પાસે રાખી તેમજ ઉપરોકત એકાઉન્ટોમાં અલગ–અલગ રાજયોમાં થી સાયબર ફ્રોડની ઓનલાઈન સમનવય પોર્ટલ ઉપર કુલ–૭૪ ફરીયાદોની રકમની છેતરપીંડી કરી તથા અન્ય ગેરકાયદેસર રીતે રકમ એકાઉન્ટોમાં જમા કરાવડાવી ગુનો કરેલાનો આક્ષેપ છે.

(૬) પક્ષકારો તરફેની રજુઆત, અરજદાર/આરોપી સામેનો આક્ષેપીત ગુનો ધ્યાને લેતા, સદર કામે કાયદાકીય સ્થિતિ મુજબ કોઈપણ હકીકત જામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન મુકત કરતી વખતે તે અન્વયે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ ની જોગવાઈ મુજબ અદાલતને વિવેકબુધ્ધિની સતા આપવામાં આવેલ છે. પરંતુ આવી વિવેકબુધ્ધિની સતા મનસ્વી રીતે નહી વાપરતા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદામાં રહીને વાપરવી જોઈએ.

જામીન અરજીના નિર્ણય સંદર્ભે જોતા અદાલતને આપવામાં આવેલ વિવેકબુધ્ધિની સતા વાપરવા માટે નામ.વડી અદાલતના ચુકાદા ધ્યાને લેવા જરૂરી છે. નામ.સુપ્રીમ કોર્ટે સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. ૨૦૧૨(૧) જીએલએચ પાના નં.૯૩ ઉપરના ચુકાદાનું અવલોકન આજ રીતે કેટલીક હકીકતો સ્પષ્ટ બને છે.

- જામીન અરજીનો મુખ્ય આશય ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરી સીકયોર કરવાનો છે.

- જામીન એ નિયમ છે, જેલ એ અપવાદ છે. તે જોતા જો અપવાદરૂપ સંજોગો જણાતા ન હોય તો સામાન્યરીતે આરોપીને જામીન મુકત કરવા જોઈએ.

- બંધારણે બક્ષેલ સ્વતંત્રનાતા અધિકાર બાબતે પણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાને રાખવી પડતી પ્રક્રિયા સીવાય કે કાયદા મુજબ જેલમાં રાખવાનું આવશ્યક જણાય તે સીવાય જામીન મુકત કરવા માટે હેતુ જણાય છે કે કેમ તથા ફરીયાદી, સાહેદો કે સોસાયટીની હકીકતો બન્ને વચ્ચે બેલેન્સ જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

- સામાન્ય રીતે જયારે આરોપીને ગુનેગાર ઠરાવવામાં ન આવે ત્યાં સુધી નિર્દોષ હોવાનું અનુમાન થતું હોય તથા આરોપીને ગુનેગાર ઠરાવ્યા પછી જે સંજોગો થાય તે જણાતા હોય અને ગુનેગાર ઠરાવ્યા પહેલા જ સજા થઈ જાય તે વાજબી ન હોવાની બાબત પણ ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે.

(૭) ઉપરોકત તમામ બાબતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને હાલના તબકકે કસ્ટડીમાં રાખવા જરૂરી છે કે કેમ કે તેમને જામીન ઉપર મુકત કરી શકાય કે કેમ? તે બાબત નિર્ણિત કરવા માટે સદર કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનો જોતા નીચે મુજબની કેટલીક બાબતો સ્પષ્ટ બને છે.

હાલના કામે સૌપ્રથમ મહત્વની બાબત જોવામાં આવે તો આરોપી સામેના આક્ષેપીત ગુના મુજબ આ કામના આરોપીઓએ એકસંપ થઈ પોતાનો સમાન ઈરાદો બર લાવવા સારુ ગુનાહિત કાવતરુ રચી, કાવતરાના ભાગરૂપે આરોપીઓએ સાથે મળી સેવીંગ તથા કરંટ એકાઉન્ટો અન્ય વિદેશમાં કે ઓનલાઈન સાયબર ફ્રોડ કરતા લોકો સુધી પહોંચાડવાનું નેટવર્ક ચલાવવા પુર્વ આયોજીત ગુનાહિત કાવતરુ રચી, આર્થિક રીતે સધ્ધર થવા સારુ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે અલગ-અલગ ગામોમાંથી ગરીબ તથા જરૂરતમંદ અને ઓછું ભણેલા લોકોને વિશ્વાસમાં લઈ લોભ લાલચ આપી, તેમના નામે ગાંધીધામ તથા આદીપુર ખાતે દુકાનો ભાડે રાખી તે દુકાનોમાં એકાઉન્ટ ધારકોની જાણ બહાર તેમને પ્રોપરાઈટર બનાવી તેમના નામે પેઢીઓ ઉભી કરવા આરોપી અલ્પેશ લુહારે ઉધ્યમ રજીસ્ટ્રેશન કરાવી, આરોપી યશ ભાટીયાના કહેવાથી આ પેઢીઓના નામે ખોટા ઈનવોઈસ બીલો બનાવી, આરોપી યશ ભાટીયાને મોકલી આપી, આરોપી યશ ભાટીયાએ બેંક એકાઉન્ટની કિટો તથા નવા મોબાઈલ સીમકાર્ડ મેળવી પોતાની પાસે રાખી, પેઢીના નામે બેંક એકાઉન્ટો ખોલાવી પોતે અન્ય આરોપી વિજયસિંહ રાણાને એકાઉન્ટોની લેતીદેતીની માહીતી તથા તમામ કિટો મોકલી આપી, એક કિટના રૂ.૭૫,૦૦૦/- કમીશન મેળવી એકબીજાન સાથે મળી, આરોપી યુવરાજસિંહ ઉર્ફે ઈલુભા તથા વિશ્વરાજસિંહ ઉર્ફે વિશુભા જાડેજા વાળાઓ મારફતે રાપર તથા ભુજ ખાતેથી તથા હાર્દિક ઉર્ફે લાલા રાજગોર મારફતે આડેસર તથા આરોપી સિધ્ધાર્થ સોની મારફતે વાંકાનેર તથા મોરબી ખાતેથી સેવીંગ તથા કરંટ

બેંક એકાઉન્ટો ખોલાવવા માટે ખાતા ધારકોને વિશ્વાસમાં લઈ, આરોપી સાહિલ શર્માએ દુકાનો ભાડે રખાવી તેમા અમુકના સેલ એગ્રીમેન્ટ કરાવી, અુમકના સેલ એગ્રીમેન્ટ ન કરાવી, તમામ આરોપીઓએ એકબીજાના મેળાપીપણાથી એજન્ટ તરીકેની કમિશનો મેળવી તમામ બેંક એકાઉન્ટો ફ્રોડ કરનાર લોકો જે ઈન્ટરનેટના માધ્યમથી ભારત ભરમાં ઠગાઈ કરી સાયબર ક્રાઈમના ગુના આચરે છે તથા ગેરકાયદેસર રીતે નાણાંકીય હેરાફેરી કરતા તેમના સાગરીતોને પુરા પાડી, તેઓની પાસેથી દરેક બેંક એકાઉન્ટ દીઠ જુદી-જુદી રકમનું કમિશન રાખી, એક જગ્યાથી બીજી જગ્યાએ પૈસા મોકલવા માટે બ્રોકર કે કમિશન એજન્ટ તરીકે કામ કરી, કમિશનો મેળવી એકબીજાની મદદગારી કરી, હાલ સુધીમાં મળેલ કુલ-૮૧ બેંક એકાઉન્ટોમાં રૂા.૧૮૨,૩૭,૬૮,૮૬૨/- જમા કરાવડાવી, તે પૈસામાંથી રૂા.૫,૦૦,૫૩૨/- ચેક મારફતે આરોપી નં.૧ વાળાએ ઉપડાવી, ફ્રોડની રકમ છે તેમ જાણવા છતા પોતાની પાસે રાખી તેમજ ઉપરોકત એકાઉન્ટોમાં અલગ-અલગ રાજયોમાં થી સાયબર ફ્રોડની ઓનલાઈન સમનવય પોર્ટલ ઉપર કુલ-૭૪ ફરીયાદોની રકમની છેતરપીંડી કરી તથા અન્ય ગેરકાયદેસર રીતે રકમ એકાઉન્ટોમાં જમા કરાવડાવી ગુનો કરેલાનો આક્ષેપ છે. આમ, ફરીયાદપક્ષના કેસ મુજબ અરજદાર/આરોપી વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. સદર ગુનાના કામે અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતા, હાલના અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ઓનલાઈન ફ્રોડના નાણાં જમા કરાવવા ખોટી પેઢીઓના નામે કરંટ ખાતાઓ ખોલાવવામાં દુકાન માલીકોની જાણ

બહાર તેઓને વિશ્વાસમાં લઈ દુકાનો ભાડે અપાવી મદદગારી કરેલ છે. સદર કામે તપાસ હાલ નાજુક તબકકામાં છે. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે કોર્ટે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ ઘ્યાને લેવાનો હોય છે તેમજ પુરાવાનું મુલ્યાંકન કરવાનું હોતું નથી કે મીની ટ્રાયલ કરવાની રહેતી નથી. વર્તમાન સમયમાં સાયબર ક્રાઈમને લગતા ગુનાઓનું પ્રમાણ દિન–પ્રતિદિન વધવા પામેલ છે તેવી હકીકત લક્ષમાં લેતા, સમાજના હિતમાં આ પ્રકારની ગુનાહિત પ્રવૃતિ ઉપર અંકુશ લાવી શકાય તેવા હેતુથી પણ આવી ગુનાહિત પ્રવૃતિને હળવાશથી લઈ શકાય નહી. જેથી, સદર કામે ઉપર ચર્ચા કર્યા મુજબ અરજદાર વિરુઘ્ધ પ્રથમદર્શનીય ગુનો બનતો હોવાનું જણાઈ આવતું હોઈ તેમજ સાયબર ક્રાઈમના ગુનાઓ સબંધિત વધતી જતી પ્રવૃતિના કારણે સમાજના હિતને થતી વિપરીત અસર ઘ્યાને લેતા, નામ.સર્વોચ્ચ અદાલતે તેમજ નામ.હાઈકોર્ટે તેમના વિવિધ ચુકાદામાં જામીન સંબંધિત પ્રસ્થાપિત કરેલા સિઘ્ધાંતોના પરિપ્રેક્ષ્યમાં આ તબકકે અરજદારની તરફેણમાં જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકબુઘ્ધિની સતાનો ઉપયોગ કરવાનું યોગ્ય અને વાજબી જણાતું ન હોઈ અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: આખરી હુકમ :–

અરજદાર/આરોપી સાહિલ દિનેશભાઈ શર્મા, રહે. પ્લોટ નં.૧૬૧, વોર્ડ–૩/એ, આદીપુર, તા.ગાંધીધામ–કચ્છ નાઓની ગાંધીધામ સાયબર ક્રાઈમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૯૯૩૦૧૬૨૬૦૦૦૨/

૨૦૨૬ ના કામે બી.એન.એસ.ની કલમ–૩૧૬(૨),૩૧૬(૫), ૩૧૮(૪), ૩૪૦(૨), ૨૩૮, ૬૧(૨), ૩(૫) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(સી),૬૬(ડી) મુજબના ગુનાના કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

ચુકાદો આજ રોજ તા.૧૩મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ગાંધીધામ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

ગાંધીધામ–કચ્છ.
તા.૧૩–૦૩–૨૦૨૬

(એ.એમ. મેમન)
ચોથા એડીશનલ સેશન્સ જજ
ગાંધીધામ–કચ્છ.
(જજ કોડ નં.જીજ૦૦૬૭૪)